| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૫–૧૦–૨૦૦૭ |
| નોંધણી તારીખ | ૧૫–૧૦–૨૦૦૭ |
| ફેંસલ તારીખ | ૨૫–૦૩–૨૦૧૯ |
| સમયગાળો | વર્ષ.. માસ દિવસ. |

# મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, અમદાવાદ.

ફોજદારી કેસ નં.૨૯૮૫/૨૦૦૭

આંક–

**<u>ફરીયાદી</u>** :– શ્રી સરકાર

**<u>વિ રૂ ધ્ધ</u>**

**<u>આરોપીઓ</u>** :– (૧) વિરેન્દ્રસીંહ ઉર્ફે નરેશસિંહ વાઘેલા,

(૨) દિગવિજયસિંહ ઉર્ફે પીન્ટુ જશવંતસીંહ વાઘેલા,

બંને રહે. ૧૭/૫૨ મોહન સિનેમા સામે, અસારવા, અમદાવાદ.

(૩) કરણસીંહ ભારતસીંહ ચાવડા,

રહે. અશોકમીલની જુની ચાલી, રુમ નં.૨૨૮, અનીલ સ્ટાર્ચ મીલ ની સામે, સરસપુર, અમદાવાદ.

**<u>એ ડ વો કે ટ સ</u>** : ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી જે.એચ.પંડયા

આરોપીઓપક્ષે વિ.વ.શ્રી વી.આર.ચૌહાણ

**<u>ગુનો :– ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬, ૧૧૪, તથા</u>**

**<u>બી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબ.</u>**

**–: જ જ મે ન્ટ :–**

૧. આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬, ૧૧૪, તથા
બી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબના ગુનાનો આક્ષેપ છે.

૨. ફરીયાદપક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા. ૯/૮/૨૦૦૭ ના ક. ૧૩–૩૦ વાગે અશોકમીલની જુની ચાલીમાં જાહેરમાં ફરીયાદી સાથે ઝઘડો, તકરાર કરી બિભત્સ ગાળો બોલી, ગડદા ફેંટોનો માર મારી આરોપી નં.૧એ ચપ્પાથી ઘા મારી એકબીજાને મદદગારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલો, તે મુજબની ફરીયાદીએ પોલીસ સમક્ષ ફરીયાદ લખાવતાં પોલીસે શહેર કોટડા પો.સ્ટે. ફ.ગુ.ર.નંબર ૩૩૪/૨૦૦૭ થી ફરીયાદ રજીસ્ટરે લઈ, તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરાવો જણાતાં આરોપીઓને અટક કરી, આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬, ૧૧૪, તથા બી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબના ગુના બાબત ચાર્જશીટ કરેલ છે.

૩. આરોપીઓ કોર્ટમાં હાજર થતાં, આરોપીઓને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. આરોપીઓ સામેના ગુનાના આંક–૩ ના તહોમતનામાની હકીકત વાંચી, સંભળાવી, સમજાવી, આરોપીઓનું પ્રથમીક નિવેદન આંક– ૪ થી ૬ સુધી લેવા માં આવેલ છે, જેમાં આરોપીઓએ આક્ષેપવાળા ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલી છે. ફરીયાદપક્ષનો પુરાવો શરૂ થતાં પહેલાં આ કામના પક્ષકારોએ આંક–૭ થી સમાધાન પુરસીસ રજુ કરેલી છે. પરંતુ આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬, ૧૧૪, તથા બી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુના કર્યાનો આક્ષેપ હોય અને તે પૈકી ઈ.પી.કો. કલમ ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬, ૧૧૪, તથા બી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ બીન સમાધાનપાત્ર હોવાથી સમાધાન પુરસીસ મંજુર થઈ શકે તેમ ન હોય સમાધાન પુરસીસ નામંજુર કરવામાં

આવે છે અને ગુનાની કાર્યવાહી સંબંધે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવે છે.

૪. ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**<u>મૌખિક પુરાવો</u> :–**

| ક્રમ | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી રણજીતસીંહ દિલીપસીંહ ચાવડાની જુબાની | ૮ |
| ૨ | સાહેદ કુલદીપસીંહ ધ્રુજારસીંહ રાઠોડની જુબાની | ૧૦ |

**<u>દસ્તાવેજી પુરાવો</u> :–**

| ક્રમ | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૯ |
| ૨ | રીકવરી પંચનામું | ૧૧ |
| ૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૨ |
| ૪ | સારવાર સર્ટીફીકેટ | ૧૩ |
| ૫ | જાહેરનામાની નકલ | ૧૪ |
| ૬ | કલોઝીંગ પુરસીસ | ૧૫ |

૫. પુરાવાના અંતે આરોપીઓની વિરૂધ્ધ કહી શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોવાથી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન લ ેવામાં આવેલ નથી. આરોપીઓએ પોતે સોગંદ ઉપર જુબાની આપેલી નથી કે બચાવના સાહેદો તપાસેલા નથી. ત્યારબાદ બંને પક્ષકારોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે.

૬. આ કેસની ઉપરોકત હકીકતો અને ફરીયાદપક્ષના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયાં છે.

૧. શુ ફરીયાદપક્ષ સ્પષ્ટ અને નિઃશંક રીતે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા. ૯/૮/૨૦૦૭ ના ક. ૧૩–૩૦ વાગે અશોકમીલની જુની ચાલીમાં જાહેરમાં ફરીયાદી સાથે ઝઘડો,

તકરાર કરી બિભત્સ ગાળો બોલી, ગડદા ફેંટોનો માર મારી આરોપી નં.૧ નાએ ચપ્પાથી ઘા મારી એકબીજાને મદદગારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬, ૧૧૪, તથા બી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

૭. <u>ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નીર્ણયો નીચે મુજબ છે.</u>

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

૮. <u>ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.</u>

<u>:: કા ર ણો ::</u>

<u>**મુદ્દા નંબરઃ–૧**</u>

૯. ઉભય પક્ષકારોની તમામ રજુઆત ધ્યાનમાં લેતાં બનાવની તારીખ, સમય અને સ્થળ અંગે કોઈ વિવાદ નથી. બનાવના દિવસે, સમયે અને સ્થળે ભોગબનનાર સાહેદને ઈજા થયેલ છે તે અંગે પણ કોઈ વિવાદ નથી, જેને આ કામે રજુ થયેલ મેડીકલ સર્ટીફીકેટથી સમર્થન મળે છે. ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપીઓએ તા. ૯/૮/૨૦૦૭ ના ક. ૧૩–૩૦ વાગે અશોકમીલની જુની ચાલીમાં જાહેરમાં ફરીયાદી સાથે ઝઘડો, તકરાર કરી બિભત્સ ગાળો બોલી, ગડદા ફેંટોનો માર મારી આરોપી નં.૧નાએ ચપ્પાથી ઘા મારી એકબીજાને મદદગારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬, ૧૧૪, તથા બી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે, જે હકીકત પુરવાર કરવા આ કામે આંક–૮ થી ફરીયાદી રણજીતસીંહ દિલીપસીંહ ચાવડાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેઓનો પુરાવો ધ્યાનમાં લેતાં તેઓએ પુરાવો આપેલ છે કે, બનાવ તા. ૯/૮/૨૦૦૭ નારોજ બપોરના ૧૩–૩૦

ના સુમારે તેઓની ચાલીમાં બનેલો. બનાવ સમયેત`ઓ ચાલીમાં આવતા હોય તેઓએ આરોપીને પુછેલ કે, મારા વિશે ખરાબ કેમ બોલો છો તેમ કહેતા આરોપીઓએ તેઓની સાથે બોલાચાલી કરી ઝપાઝપી કરેલી અને તેઓનો મિત્ર કુલદીપસીંહ વચ્ચે પડતા તેની સાથે પણ બોલાચાલી અને ઝપાઝપી કરેલી અને ઈજા થતાં શારદાબેન હોસ્પીટલમાં સારવાર કરાવેલી. આ બનાવની તેઓએ ફરીયાદ આપેલી. જે ફરીયાદ તેઓને બતાવવામાં આવતા તેઓ તેમની સહી ઓળખી બતાવે છે જે ફરીયાદ આંક–૯ થી રજુ છે. આમ ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન કરતાં ન હોઈ વિ.એ.પી.પી. ધ્વારા સદર ફરીયાદીને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસ કરેલ છે, પરંતુ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી. ઉલ્ટાનું બચાવપક્ષ તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદી એ વાત ખરી હોવાનું જણાવે છે કે, બનાવ સમયે ધકકામુકકી થતા પડી જવાથી ઈજા થયેલી. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોય કેસ આગળ ચલાવવા માંગતા નથી.

૧૦. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૦ થી સાહેદ કુલદીપસીંહ ધ્રુજારસીંહ રાઠોડનાઓને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને સમર્થન આપેલ ન હોઈ તેઓ ને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવામાં આવતા કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી. ત્યારબાદ તેઓની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરતા તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, બનાવ સમયે ધકકામુકકી થતા પડી જવાથી ઈજા થયેલી. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોય કેસ આગળ ચલાવવા માંગતા નથી.

આમ, તપાસવામાં આવેલ ફરીયાદી તેમજ સાહેદનો પુરાવો ધ્યાનમાં લેતાં આ કામના આરોપીઓ ધ્વારા ફરીયાદી સાથે તકરાર, ઝઘડો કરી, બીભત્સ ગાળો બોલી, ઘાતક હથીયાર વડે ઈજા કરેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

૧૧. આ કામે બી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે અને તે અંગે જાહેરનામું રજુ કરેલ છે. પરંતુ બનાવના દિવસે, સમયે અને સ્થળ `જાહેરનામાની જાહેર પ્રસિધ્ધી થયેલી હોય તે હકીકત સંદર્ભે બી.પી.એકટની કલમ ૧૩૫(૧

) મુજબના તત્વો આ કેસમાં ફરીયાદપક્ષ તરફે સાબીત કરવામાં આવેલ નથી તેમજ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી બનાવના દિવસે, સમયે અને સ્થળે આરોપીઓએ કોઈ ધાતક હથીયાર ધારણ કરેલ હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી ન હોય બી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો સાબીત થતો નથી.

૧૨. જેથી ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં બનાવના દિવસે, સમયે અને સ્થળે આ કામના આરોપીઓએ ફરીયાદી સાથે તકરાર, ઝઘડો કરી, બીભત્સ ગાળો બોલી, ધાતક હથીયાર વડે ઈજા કરી, ઈ.પી.કો. કલમ –૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬, ૧૧૪, તથા બી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો કર્યો હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ તરફે શંકારહિત પુરવાર થતી ન હોવાથી મુદ્દા નં.૧નો જવાબ તે રીતે નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ –:**

૧. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે આરોપીઓઓને ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬, ૧૧૪, તથા બી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. ક્રિ.પ્રો. કોડ કલમ ૪૩૭(એ) મુજબ આરોપીઓઓએ રૂા.૫૦૦૦/– ના જામીન રજુ કરવા.

૩. અપીલ સમય વિત્યા બાદ મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ – ૨૫ માહે માર્ચ સને : ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી તથા કોર્ટની સીલ કરી જાહેર કર્યો.

તારીખ ૨૫–૦૩–૨૦૧૯.
અમદાવાદ.

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે–૦૦૮૬૨.